**ક્રિ. કે. નં. 6808/2023**

૧. આ કામમાં પો. સ્ટે. દ્વારા આરોપી વિરુદ્ધ પ્રોહી. કલમ ૬૬(૧)(બી), ૮૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતા તેમને પોલીસ તપાસનાં ચાર્જશીટ નકલો ક્રિ. પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામા આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજૂ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં, તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨. સજા બાબતે આરોપીને સાંભળતાં, આરોપી નાની વયનાં અને પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને તે ગરીબ માણસ છે. ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પીપી.એ કાયદા મુજબ થઇ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

૩. આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધનાં ગુના અંગે થઇ સખતી સજાની જોગવાઇને ધ્યાને લેતાં, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

**-હુકમ-**

આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ - ૨૫૨ હેઠળ પ્રોહી. કલમ ૬૬(૧)(બી), ૮૫ ના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ૦ ૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૨ દિવસની સાદી જેલની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :** ૧૧/૦૨/૨૦૨૩
**અમદાવાદ.**

**(કુ.શબાના અબ્દુલકાદર મન્સુરી)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નં.૭, અમદાવાદ**
કોડ નં. જીજે૦૧૦૨૪.